





ભોગ લેશે પ્રધાનોનો એ, બદનામી ઓઢી જશે!
હસતાં હસતાં એ થશે શહીદ કેટલાક મોભી જશે!
દોઢી થશે ચર્ચા રાહુલ-કામ-રાજ યોજના ની -
બેસી જશે માટી હારની, સરકાર પોઢી જશે..
(મંત્રીમંડળ માં ફેરફાર)




તિરાડ નથી!
અન્ના-રામદેવમાં
વચ્ચે ભીંત છે
(કાર્યકરોની આડોડાઇ)

કરે છે ભેગી,
ઊર્જા મેઘા વોટમાં -
ચૂંટણી માટે..
(લોકાર્પણ સમારંભો)

## ચિંતન

**દુરાચારો હિ પુરૂષો લોકે ભવતિ નિંદિતઃ ।**
**દુ:સભાગી ચ સતતં વ્યાધિતો અલપાયુરેવ ચ ॥**

*જે લોકો દુર્વતન કરે છે, તેવા લોકો સમાજમાં નિંદાને પાત્ર બને છે, એટલું જ નહીં તેઓ સતત દુ:ખમાં જ, બિમારી કે માંદગીમાં જ સપડાયેલા રહે છે, કોઇ રાજરોગ કે અસાધ્ય બિમારીમાં ગૂંચવાયેલા રહે છે. રોગ અને પીડાને કારણે તેમનું આયુષ્ય પણ ટૂંકું રહે છે.*

*સમાજમાં એવા લોકો જ માન અને સન્માનને પાત્ર બને છે જે ન્યાયી, નમ્ર, સત્યને અનુસરનારા પરગજુ, કર્તવ્ય નિષ્ઠ છે. કેટલાક લોક સત્તા-પદને કારણે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી માન-સન્માન મેળવી લે છે એ એમના પદ અને મોભાનું સન્માન છે. વ્યક્તિગત આત્માનું નથી. હકીકતમાં એ માન-સન્માન આપનારા માત્ર બાહ્ય શિષ્ટાચાર જ બતાવે છે, હૃદયથી તે સન્માનતા નથી.*

*આજકાલના બોગસ સાધુ-સંત-મહંતો બાબા પણ માત્ર 'પ્રચાર' અને પ્રસાર દ્વારા પોતે જાતે જ પોતાનું મહાત્મય વધારે છે અને 'ભગવાન' બની લોકોની 'ફી' લઇને મુક્તિ પણ અપાવે છે. આવા નાણાંકીય વહેવાર પર ચાલતો 'ધર્મ' ટકતો નથી. એક દિવસ ભાંડો ફૂટે છે જેને કારણે બાબાનું પોત પ્રકાશે છે. ચારિત્ર્ય બે કોડીનું થઇ જાય છે. ધન-સમૃદ્ધિ જપ્ત થઇ જાય અને જેલની હવા ખાવી પડે. આવી પાપ કમાઇ ટકતી નથી. રોગ-બિમારી કે વ્યસનમાં જ વપરાય છે. સત્કર્મોથી પ્રાપ્ત સુલક્ષ્મી જ સુખ-શાંતિ આપી શકે છે.*

## સુવિચાર

- જીવન જે જતું રહ્યું છે તેનો અફસોસ ન કરો, જીવનને અમર કરવાની કોશિશ ન કરો, તમારા હાથમાં જે બાકી રહ્યું છે તેને પૂરી રીતે માણો - વર્ડ્ઝવર્થ
- તૃષ્ણાનો ત્યાગ કરો, સૌને માટે કરૂણાનો ભાવ રાખો - બુધ્ધ
- ચરિત્ર વૃક્ષ છે, પ્રતિષ્ઠા તેનો પડછાયો છે, પણ આપણે છાયાને જ મહત્ત્વ આપી વૃક્ષને, વાસ્તવિકતાને ભૂલી જઇએ છીએ - અબ્રાહ્મ લિંકન
- ઉત્તમ પુરૂષ ન્યાય ઇચ્છે છે, અધમ મહેરબાની, ઉત્તમ પુરૂષ પુરૂષાર્થમાં માને છે, અધમ બીજામાં અપેક્ષા, ઉત્તમ પુરૂષ સદાચારનું ચિંતન કરે છે, અધમ પોતાનાં જ સુખ-સગવડનું - કન્ફ્યુશિયસ
- તમારું કાન, દૂરનું જે ઝાખું-ઝાખું દેખાય છે તેને સ્પષ્ટ જોવાની મથામણ છોડી નજીકનું જે સુંદર દેખાય છે તે માણવાનું છે - કાર્લાઇલ
- ભૂતકાળ માટે પશ્ચાતાપ, ભવિષ્ય માટે બુધ્ધિહીન ચિંતાઓ, તથા વર્તમાનની વાસ્તવિકતાના ગભરાટમાં આપણે આપણી શક્તિઓ વેડફી નાંખીએ છીએ - ચિન્મયાનંદ

## બોધકથા

*આજકાલ બધાને વગર મહેનતે ટૂંકે રસ્તે, છેતરપીંડી, એકના બમણા કે પોતે ભગવાન થઇ ભોળા લાકોને ભરમાવી 'શ્રીમંત' થઇ જવા ઉત્સુક હોય છે. મેલા મનના બાબાઓ જાણે પોતે 'નિર્મલ' હોય તેમ અંધશ્રધ્ધાળુના વિશ્વાસનો લાભ લઇ ખંખેરે છે. સાચા સંતને પૈસાની કંઇ જ જરૂર ન હોય, સંતોષ એ જ એમનું 'ધન' છે. 'કરોડો'નું એને કામ પણ શું હોય?!*

*સંત ઇમામ ધિઝાલી દરરોજ એકાગ્ર થઇ દીવાનાં પ્રકાશમાં ધાર્મિક પુસ્તકોનું મોડી રાત સુધી વાચન કરતાં. શાંત ચિત્તે વાચન-મનન દ્વારા ખૂબ જ પ્રસન્નતા અનુભવતા 'વાચન' એ જ એમની બંદગી હતી. સરળ જિંદગી હતી. સામાન્ય દીવો જ તેનો સાથી હતો.*

*એકવાર મોડી રાતે આંખ મીંચી, વાંચતાં-ચિંતન કરતા હતા ત્યાં ખૂદાનો ફરિસ્તો આવ્યો. દિવ્ય પ્રકાશ રેલાયો. એણે કહ્યું ધિઝાની! હવે તમે આ દીવાન પ્રકાશમાં 'વાચન'ની મહેનત છોડી દો. અલ્લાહે તમને 'દિવ્યજ્ઞાન' આપવાનું અમને ફરમાન કર્યું છે.*

*સંત કહે, જુઓ - મને મહેનત વિના કંઇ જ ન ખપે વાચન તો મારી બંદગી છે. તમારે મને કંઇ આપવું જ હોય તો મારા આ ઝાખાંની જયોતમાં તમારી દિવ્યતાનો થોડો પ્રકાશ આપો. જેથી હું સરળ રીતે વાંચી શકું!*

*ઇમામની ઓરડીમાં દિવ્ય પ્રકાશ રેલાઇ ગયો.*

# કેનાલ ટોપ સોલાર પાવર પ્રોજેક્ટ - પ્રશંસનીય પહેલ




*નર્મદા કેનાલ ટોપ સોલાર પાવર પ્રોજેક્ટનો લોકાર્પણ આવકારદાયક અને અભિનંદનીય છે. ગુજરાતની નવી દૃષ્ટિથી દેશ અને દુનિયા વધુ પ્રભાવિત બનશે એવા પ્રોજેક્ટનો પ્રારંભ ગૌરવ અપાવે છે. આ પાયલોટ પ્રોજેક્ટથી જ વાર્ષિક ૧૬ લાખ યુનિટ વીજ ઉત્પાદન થશે. કેનાલમાં વહેતા પાણીનું વાર્ષિક ૯૦ લાખ લીટર બાષ્પીભવન થતું અટકશે, અને બચેલું પાણી આસપાસના ગામોને સિંચાઈની સુવિધા ઉપલબ્ધ કરાવશે. જેથી વીજ પરિવહનનો દુર્વ્યય ઘટાડી શકાશે. પ્રશંસનીય પ્રારંભ છે - આ પ્રોજેક્ટનો, ગ્લોબલ વોર્મિંગના પડકારોને ઝીલવા ગુજરાત નવી દિશા કંડારે છે, એનો નોંધપાત્ર પુરાવો છે. ૪૫૮ કિલોમીટર લાંબી કેનાલ પર સોલાર પાવર પ્રોજેક્ટની શૃંખલા ઊભી કરાશે ત્યારે વીજ ઉત્પાદનમાં ગુજરાત દેશનું અગ્રીમ રાજય બની રહેશે.*

*કેનાલ પર ટોપ સોલાર પાવર પ્રોજેક્ટથી જમીનનો બચાવ થશે. પાણીનું બાષ્પીભવન અટકશે. સૌરશક્તિને સંચિત કરી ઉર્જામાં પરિવર્તિત કરવાનો લાભ ગુજરાતના ઉદ્યોગોને મળશે. આમ એક સાથે અનેક ફાયદા ધરાવતો આ પ્રોજેક્ટ હાથ ધરવા માટે મુખ્યમંત્રી અને ઉર્જા વિભાગને જેટલા અભિનંદન આપીએ એટલા ઓછા છે. દેશભરમાં વીજ ઉત્પાદન ક્ષેત્રે જયારે કટોકટી પ્રવર્ત છે ત્યારે સૌર ઉર્જાનો વિચાર સલામને પાત્ર છે. ગાંધીનગરના જૂના સચિવાલયની છત ઉપર સૌર ઉર્જાથી એક મેંગા વૉટ વીજળી ઉત્પન્ન કરવાનો પ્રોજેક્ટ પણ આરંભાયો છે. અને આગામી દિવસોમાં આ પ્રોજેક્ટનો વિસ્તાર થવાનો છે. ત્યારે સોલાર પાવર ક્ષેત્રમાં ગુજરાતનો ડંકો વાગી જશે. કુદરતી સંપત્તિઓનો અને કુદરતી શક્તિઓનો સમયસર અને ઉચિત ઉપયોગ કરાય તો વિકાસ સરળ બની જાય છે. ગુજરાતની આગવી પહેલ વિકાસના નવા દ્વાર ખોલે છે.*

# હરસુરભાઇ તદ્દન ગામઠી માણસ, અભણ માણસોમાં રહેલ બુધ્ધિ, નિરીક્ષણ શક્તિ, જીવનનો આનંદ માણવાની આપસૂઝના તેઓ તજ્જ્ઞ હતા, એમની વાણીમાં નર્યું અમૃત ઝરે

## લોકધરાની ફોરમ - હરસુર ગઢવી

**- શિવદાન ગઢવી**

સફેદ લેંઘો, અગર ચોરણી ઝભ્ભો તેના ઉપર કાળી બંડી, કાળી કાખલી ખભે નાંખી સ્મિત વેરતા ચહેરા સાથે મંચ ઉપર આવી શ્રોતાઓના હાથ જોડે ત્યાં તો વગર ઓળખ આપ્યે લોકો તાળીઓના ગડગડાટ કરી તેમને વધાવી લે. ડાયરામાં નવો સવો આવનાર માણસ બાજુવાળાને પૂછે, 'આ કોણ છે?' 'ભલા આદમી, તમે આમને ઓળખ્યા નહિ?' ગુજરાત, સૌરાષ્ટ્ર કચ્છમાં ડાયરાના રસિકોનું નાનું છોકરું યે એમને ઓળખ્યા વિના રહે નહિ, એવા આ છે હરસુરભાઇ ગઢવી. ડાયરાના મંચ ઉપર તેમના આગમનને નિરખીને લોકો તાળીઓથી વધાવી લે છે. હરસુખ ગઢવીની કોઇ સાથે સરખામણી થઇ શકે તેમ નથી તે એક જ છે, અનોન્ય અલંકાર એમને બંધબેસતો આવતો.

હરસુખભાઇ ગઢવીની પ્રથમ ઓળખ ડાયરામાં મારા સ્નેહી કાનજીભાઇ માલધારીએ મને કરાવી. ઇ. સ. ૧૯૭૪-૭૫ ના ઉનાળાની એક રાત્રિએ મહેસાણા જિલ્લાના ગામ સુરપુરામાં તે'દિ ડાયરાનું આયોજન કરેલું. કોઇ ઉત્સવ કે વિશિષ્ટ પ્રસંગ ન હતો. મારા ગામ તેમજ આજુબાજુનમાં ગામના લોકોને મોજ આવે તેવા હેતુસર ડાયરો રાખેલો. ડાયરાના પ્રારંભે અગાઉ હરસરભાઇ ને હું મળ્યો, થોડી ઘણી ઔપચારિક માહિતી મેળવી. ભણતર કંઇ ઝાઝુ હતું નહિ, તેમના નાના ભાઇ હમીરભાઇ પણ એ ડાયરામાં આવેલા, હમીરભાઇનાં કંઠમાં કોયલના મીઠા સૂર સંભળાય અને ચારણી શૈલીના છંદો ગાવા માંડે. પુરૂષ-સ્ત્રીનો બેવડો અવાજ હતો.

જેઓ 'ખીમરાજ રામાયણી' થી પ્રસિધ્ધ હતા. તે ખીમરાજભાઇ રાબા હરસુખભાઇના દાદા થાય. વક્તા તરીકેની ગળથૂથી એમની પેઢીમાંથી પીધી હતી. ખીમરાજભાઇ તેમના કેટલાક હૃદયસ્પર્શી દુહાઓથી આજે પણ જાણીતા છે.

પિતા રામભાઇનો વ્યવસાય, ખેતી અને પશુપાલન. સુરેન્દ્રનગર જિલ્લાના લીમડી તાલુકામાં લીમડીથી પંદરેક કિ.મી.નાં અંતરે આવેલું બોરાણા તેમનું વતનનું ગામ. માતાનું નામ બાયાબાઇ. સુરેન્દ્રનગર જિલ્લામાં આવેલ વઢવાણ તાલુકાનું પઢાદ નામનું ગામ તેમનાં શ્વસુર પક્ષનું ગામ. જીવુબેન સાથે હરસુરભાઇનાં લગ્ન થયેલાં.

હરસુરભાઇ તદ્દન ગામઠી માણસ. અભણ માણસોમાં રહેલ બુધ્ધિ, નિરીક્ષણ શક્તિ, જીવનનો આનંદ માણવાની આપસૂઝના તેઓ તજજ્ઞ હતા. એમની વાણીમાં નર્યું અમૃત ઝરે. એ બોલે ક્ષણ ભર થોભે ને શ્રોતાઓ સામી નજર મંડાઇ રહે. પોતે પણ સ્મિત વેરી નાંખે.

સમાજનાં આગેવાન પછી ભલે તે રાજયના મંત્રી મંડળના સભ્ય હોય ખામીઓ અને ખૂબીઓ એવી રીતે વણી લે કે સામી વ્યક્તિને ખોટું ન લાગે.

હાસ્યરસની વચ્ચે વચ્ચે તેઓ નાનકડાં પ્રેરણાત્મક પ્રસંગો પણ શ્રોતાઓ સમક્ષ રજૂ કરે. ભાવવાહી શૈલીમાં તેમના કંઠેથી ગીતોનો મધુરો રસ વહેવડાવે.

ચારણી સાહિત્ય અને લોકસાહિત્યના ખેરખાંઓ ગણાતા ભક્તકવિ દુલા કાગ, એરૂભા મેઘાણંદ, લીમડીના રાજકવિ શંકરદાન દેથા, પિંગળશીભાઇ લીલા જેવી વ્યક્તિઓના સાંનિધ્યમાં કિશોર હરસુખભાઇ બોલે ને શ્રોતાઓને હાસ્યરસમાં તરબોળ કરતાં.

ગુજરાતી ચાર-પાંચ ધોરણનો અભ્યાસ કર્યા પછી લોકસાહિત્ય વિદ્યાલય જૂનાગઢમાં તાલીમ લીધી હતી. દાદા તો પ્રખર રામાયણી હતા. તેનાં બીજ પિતા રામભાઇમાં પણ રોપાયેલાં. દાદા ખીમરાજભાઇના કેટલાક દુહાઓ હરસુખભાઇના કંઠેથી વહે ત્યરે શ્રોતાઓ ને સમાજ જીવનના આંભલા નજરે પડતા. ખીમરાજભાઇના દુહા કેવા હતા તે સાંભળો,

ગરજ હોય તો ગરે, સોયના નાકા સોંસરા,
સવારથ વિના, સગી ન ભૂમિ ખીમરા
રાબા રામાયણનો તણો, અધરો કર્યો ઉચ્ચાર;
તારી જીભે સદા, ખંડયત રીઝે ખીમરા.

(માનવીને સ્વાર્થ હોય ત્યારે ગમે તેવા નાના થઇ જાય છે. લોકકવિ ખીમરાજ કહે છે કે, સ્વાર્થ વિના ભોમકા પણ સગી થતી નથી.

હે રાબા શાખાના ચારણ તેં રામાયણનું અધુરું કામ માથે લીધઉં. તારી જીભથી મહિપતીઓ પણ રીઝે છે.)

મારા વતનના ગામના ડાયરામાં તે રાત્રે હરસુરભાઇ સ્ટેજ તરફ આગળ આવ્યા, માનવીના રોજબરોજના જીવનમાં ઉપસ્થિત ઘટનાઓના તાણાવાણા તેઓ જેમ જેમ ગૂંથતા ગયા તેમ તેમ ગામડાંનાં એ અભણ માણસો પેટ પકડી હસવાં માંડ્યા. સમાજ જીવનની વિવિધ ઘટનાઓનું એવું તો ઝીણામાં ઝીણુ નિરીક્ષણ કરે અને આપણી સમક્ષ લાવીને મૂકે ત્યારે હસવાનું ખાળી ન શકીએ તેવી ભાવવાહી રજૂઆત હતી.

હરસુરભાઇને મેં નીરખ્યા. અસલ ગામઠી વ્યક્તિ તરીકે, કાઠિયાવાડી મીઠી બોલીનો રણકો તો હોય પણ એમાંથી હાસ્યના ફૂવારા ઉડાડવા પ્રસંગો રજૂ કરે ત્યાં તેમના પરખ શક્તિનો આપણને પરચો થાય. એક ધારુ બોલ્યા કરે ત્યારે કેવળ હાસ્ય રસ જ નહિ અન્ય રસોમાં સહેલાઇથી જતા રહે. વચ્ચે વચ્ચે દુહા છંદ દ્વારા, એમના કંઠને વળાંક આપો.

ઝવેરચંદ મેઘાણી અને કવિદુલા ભાયા કાગાની કેટલીયે રચનાઓ એમના જિહ્વા અગ્રે હતી. તેઓ કહેતા કે છંદ્ર, દુહાઓ, લોકગીતો મળીને સાડા ત્રણ હજાર જેટલી રચનાઓ એમને કંઠસ્થ હતી.

કેવળ હાસ્ય રસ જ નહીં. રામાયણ ઉપર બોલે ત્યારે તેમના દાદ ખીમરાજ રાબાનો વારસો ને વૈભવ ખડો કરી દેતાં. 'રાબા,' ચારણોની એક શાખા છે. સૌરાષ્ટ્રના ઉપલેટા તાલુકામાં એમણે 'ખોજ આશ્રમમાં' રામકથા પણ સંભળાવેલી.

પૂ. મોરારિબાપુ, જાણીતા હાસ્ય કલાકારા શહાબુદ્દીન રાઠોડ હરસુરભાઇને આપણી ધરતીના અસલિયત તરીકે ઓળખાવી.

લોક સાહિત્યના દુહાની એક પંક્તિ છે, 'જેકાં જેડાં માનવી, એવી વાતડિયું.' હરસુરભાઇ શ્રોતાઓ ન નિરખીને પોતાની વાણી વહેવડાવતા હતા. સમાજ જીવનના ભારને હળવો કરવા હાસ્યરસ એટોનિક છે તેય ડૉકટરો પણ સ્વીકારે છે. આ ગામઠી કલાકારે કેટલીયે રાતો ડાયરાઓ ઢોલાવ્યા છે. પૂ. મોરારીબાપુ સાથે વિદેશની ધરતીમાં ભારતવાસીઓને મોજનો દરિયો ઉછાળ્યો છે.

(અનુસંધાન પાના નં. ૭ પર)

# આપણી ભાષા એ આંખો છે, અન્ય ભાષાએ ચશ્માં છે, ચશ્માંનું મૂલ્ય ત્યારે જ છે જયારે આંખો હોય

## સખીને પત્ર

**- સ્વાતિબા રાઓલ**

પ્રિય સખી,

પરીક્ષા પછીના દિવસો, થાક ઉતારવાના દિવસો. વિદ્યાર્થીઓએ આખું વર્ષ શિક્ષકોના મોઢેથી જે નીકળ્યું તેને માથામાં ભરી ભરીને પરીક્ષામાં ઠલવી નાંખ્યું હવે હાશ થઇ, શિક્ષકોને માત્ર પરિણામ અને વૅકેશનના પ્લાનિંગ કરવાનાં દિવસો. પણ કેટલાંક મમ્મી-પપ્પાઓ અત્યારે ઘેરા ચિંતનમાં ડૂબેલાં છે. પોતાના પા-પા પગલી માંડતા દીકરા કે દીકરીને ઇંગ્લીશ મિડિયમમાં મૂકવો કે ગુજરાતી માધ્યમ પસંદ કરવું? - નો યક્ષ પ્રશ્ન સંસદમાં ચાલતી ચર્ચાઓ કરતાંય વધુ ઉગ્રતાથી દાખલા - દલીલો સાથે ઘરમાં ચર્ચાતો હોય છે. અંગ્રેજી માધ્યમમાં જ મૂકવું છે તો ત્રણ વર્ષના બાળકને અંગ્રેજીમાં ઇન્ટરવ્યુ આપવાના તાલીમ વર્ગો ઘરમાં જ ખૂલી જાય છે.

માર્ગારેટ મીડ સમોઆ ટાપુ પરના આદિવાસીઓ માટે આજીવન કાર્યરત રહ્યાં છે. તેમણે બે માનવ અધિકારોને મહત્ત્વ આપ્યું છે. એક છે, દરેક વ્યક્તિના ૧૦૦ મીટર અંતરે જંગલ હોવું જોઇએ અને બીજું છે, દરેક બાળકને માતૃભાષામાં ભણવાનો હક હોવો જોઇએ. બાળકને માતૃભાષામાં ભણવાનો હક્ક હોવો જોઇએ. બાળક માના ખોળામાં રમતાં -રમતાં જ 'મા' અક્ષર શીખે છે અને ત્યાંથી જ મા-બાળકનો વિશિષ્ટ વાર્તાલાપ માતૃભાષામાં જ આરંભાય છે. જેમાં કેવળ અક્ષરો, ઉચ્ચારો કે વસ્તુઓની ઓળખ નથી હોતી પરંતુ તેમાં લાગણી અને પ્રેમ અભિવ્યક્ત થતાં હોય છે. સંબંધોનું ઊંડાણ સંબંધવાચક શબ્દોથી જ બાળક તે મામો. અને કાકા કારેલાં જેવાં પણ પ્રેમાળ, પિતાના પડછાયા જેવાં છે - આ સમજણ માતૃભાષાના શબ્દો જ આપી શકે. આસ-પાસની સૃષ્ટિનો માત્ર શાબ્દિક પરિચય કોઇ પણ ભાષા આપી શકે. પરંતુ 'ચકી બેન, ચકી બેન? મારી સાથે રમવા આવશો કે નહિ? આવશો કે નહિ?' - કહીને કુદરત સાથે ભાઇબંધી માતૃભાષા જ કરાવી શકે. 'તપેલીનો ટોપો પહેરી દર્શન કરવા જાઉં, મોટો-મોટો થાઉં ભાઇ બની જાઉં' - આવી અંગત અભિલાષાની અભિવ્યક્તિ મા બોલી ભાષામાં જ આવી શકે. માટે જ બાળકનું પ્રારંભિક શિક્ષણ તો માતૃભાષામાં જ હોવું ઘટે. શ્રી ગુણવંત શાહ કહે છે કે 'આપણી ભાષા એ આંખો છે અન્ય ભાષાએ ચશ્મા છે. ચશ્માનું મૂલ્ય ત્યારે જ છે જયારે આંખો હોય.' અન્ય ભાષામાંય ઘેલછા માત્ર અંગ્રેજીની જ છે. માન્યુ કે તે વર્લ્ડ લેંગ્વેજ છે. કોર્પોરેટ સેકટરોમાં અંગ્રેજી વગર ડગલું પણ માંડી શકાય તેમ નથી. મને અંગ્રેજીનો વિરોધ નથી. ગુજરાતી કે માતૃભાષાના અસ્વીકારનો વિરોધ છે. તેમાંય બાળપણથી જ અંગ્રેજી શીખવવાની, અંગ્રેજીનું માધ્યમ અપનાવવાની ઘેલછાનો વિરોધ છે. અંગ્રેજી માધ્યમમાં ભણતું બાળક ઘરમાં ને દોસ્તો સાથે ગુજરાતી અને શાળામાં અંગ્રેજી અને હિન્દી એમ એક સાથે ત્રણ-ત્રણ ભાષાઓ શીખવાનો પ્રયત્ન કરતું હોય છે.આમેય ભાષા શિક્ષણ અઘરું છે. કારણ કે, મૂળાક્ષરો ઉપરાંત પણ તેમાં વ્યાકરણનું કઠિન માળખું પણ સમજવાનું હોય છે. જે રોજ-બ-રોજના અભ્યાસ વગર શક્ય જ નથી. બે ત્રણ ભાષાઓ સાથે એક સાથે સંઘર્ષ કરતા બાળકોને જોઇ મને એક ગુરૂની વાર્તા યાદ આવે છે એક ગુરૂ સંસાર ત્યાગીને એક ઝૂંપડી બાંધીને જ્ઞાનયજ્ઞ કરે તેમના બે મૂર્ખ ચેલા. બંનેમાં હોડ કે કોણ ગુરૂની વધુ સેવા કરે? બંને આ માટે ઝઘડ્યા કરે અને પરીણામે દરેક કામ બગાડીને મૂકી દે. છેવટે કંટાળીને ગુરૂએ તે બંને ને કહ્યું કે, 'તમારું એક જ કામ હું આરામ કરતો હોય ત્યારે તમારે મારા પગ દબાવવાં.' એમાંય ચેલા ઝઘડ્યા. છેવટે ગુરૂએ બંને ચેલાને પોતાનો એક-એક પગ આપ્યો. એક ચેલો ડાબો પગ દબાવે બીજો જમણો. થોડાં દિવસ બધુ બરાબર ચાલ્યું. એક દિવસ એવું થયું કે ગુરૂજીએ ઊંઘમાં જરા પગની આંટી વાળી અને જમણો પગ ડાબા પગ પર મૂક્યો. તરત જ ડાબો જમણો પગ મારા ડાબા પગ પર પડ્યો જ કેમ?' આમ કહી તેણે જમણો પગ ઊંચકીને પછાડ્યો. એ સાથે જ જમણાં પગવાળા ચેલાએ લાકડી લઇ 'તે મારા પગને પછાડ્યો હું તારો જ પગ ભાંગી નાખું.' કહીને લાકડી ગુરૂના ડાબા પગ પર ફટકારી દીધી. બે ચેલાની ચાકરી ભોગવવાના મોહમાં ગુરૂએ બે પગ લંગડા થવાનો વારો આવ્યો. ગુજરાતી વાતાવરણમાંથી આવતાં અને ઉછરતાં બાળકને અંગ્રેજી માહોલમાં દાખલ કરી દેવાથી પેલા ગુરૂ જેવી જ દશા થાય છે તેવું નથી લાગતું! વ્યવહારની ભાષા જ શિક્ષણનું યોગ્ય માધ્યમ છે. તમે કયારેય નોંધ્યું છે કે, આપણાં કેટલાં કલાસવન કે સુપર કલાસવન ઓફિસર્સ અંગ્રેજી માધ્યમમાં ભણેલાં હશે? મોટી કંપનીઓના મેનેજર ધાણી ફૂટે તેવું અંગ્રેજી બોલી શકે છે. તેમાંના કેટલાં અંગ્રેજી માધ્યમમાં ભણ્યા હશે? પ્રખ્યાત થયેલાં ડૉકટર્સ કે એન્જિનિયર્સને પૂછો કે તેઓ આખી દુનિયામાં ફરે છે, અંગ્રેજી બોલવામાં અંગ્રજોને પણ પાછા પાડી દે છે પરંતુ ભણતરનો એકડો તેઓ માતૃભાષામાં જ શીખ્યાં હશે.

બાળકને રાતમાં જ વર્લ્ડ લેવલનો પંડિત બનાવી દેવાની હોડમાં આપણે તેની ક્ષમતા અને સહનશક્તિનું માપ કાઢવાનું જ ભૂલી જઇએ છીએ, આપણાં મૂર્ધન્ય કવિ - સાક્ષરવિદ્ શ્રી દલપતરામ કહે છે કે,

"ધીમે ધીમે સુધારાનો સાદ
સજ્જન સાંભળો રે.
કીડી ઉપર આખો લાડુ
મૂકીએ તો મરી જાય;
ભૂકો કરી ભભરાવીએ તો
ખાસી રીતે ખાય."

બાળક પર બધી ભાષાઓનો બોજ એક સાથે નાંખ્યા વગર માતૃભાષાથી શરૂ કરી મજબૂત વ્યાકરણના પાયા પર આપણાં ઇન્ટરનેશનલ સપનાઓના મૉલ, મલ્ટીપ્લેક્ષ અને ઘર એક સાથે બાંધી શકાશે. સમજાય છે સખી! પેઢાંની મજબૂતી દૂધિયા દાંતના આધારે બંધાય છે. અંતે એ મજબૂત પેઢાં નવી બત્રીસી આપે છે. આપણાં બાળકનું દૂધિયું બાળપણ તો આપણી ભાષામાં જ વીતવું જોઇએ ને!

- તારી સ્વાતિ

## આજના દિવસનો મહિમા

**- ભાનુપ્રસાદ એસ. દવે**

**૨૬મી એપ્રિલ નિસર્ગ પ્રેમી જહોન જેમ્સ ઓદુબનનો જન્મ**

*પાંખીઆેનો અભ્યાસ, અને ચિત્રો જેમનું જીવનકાર્ય હતું તેવા જહોન જેમ્સ ઓદુબનનો જન્મ તા. ૨૬-૪-૧૭૮૫. મેદાનો, ગાઢજંગલો કાદવવાળી ભૂમિમાં ઘોડા પર બેસીને સેંકડો માઇલોનો પ્રવાસ કરનારા આ ચિત્રકારે નૈસર્ગિક વાતાવરણમાં લાક્ષણિક મુદ્રામાં પંખીઓના અદ્‌ભત ચિત્રો દોર્યાં. ૨૭-૧-૧૮૫૧ માં તેમની પીંછી હંમેશના માટે અટકી ગઇ.*

- *૨૬-૪-૧૯૪૯ જોર્ડનનો સ્વાતંત્ર્યદિન*
- *ભારતના અદ્‌ભત ગણિતવેત્તા શ્રી નિવાસ રામાનુજનનું મદ્રાસમાં અવસાન - ૧૯૨૦.*
- *વડોદરાના મહારાજા પ્રતાપસિંહ ગાયકવાડનો રાજ્યાભિષેક - ૧૯૩૯.*



- *સંગીત સમ્રાટ તાનસેનનું અવસાન - ૧૫૯૮.*
- *આર્ય મહિલા સમાજના સ્થાપક શ્રીમતિ રમાબેન રાનડેનું અવસાન - ૧૯૨૪.*

# નસકોરાં બોલવા (સ્નોરીંગ) અને તેના વિશેની કેટલીક રસપ્રદ વાતો

## નિરામય

**- ડો. કેદાર ઉપાધ્યાય**

*બહુ જ જાણીતો અને પોતાના કરતા બીજાને તકલીફ કરતો વ્યાધિ એટલે નસકોરા બોલવા. સમસ્ત વિશ્વમાં માનવ સમુદાયની અર્ધીથી પણ વધુ સંખ્યા નસકોરા બોલવવાથી દુ:ખી થાય છે અને બીજાને દુ:ખી કરે છે. નસકોરા બોલવાની આ સમસ્યા વિશ્વ વ્યાપી છે અને ઘણી જૂની પણ છે.*

*નસકોરા બોલતી વખતે શ્વસનમાર્ગે અવરોધ આવતો હોવાથી વ્યક્તિ શાંત રીતે ઊંઘી શકતો નથી. આ રોગને 'ઓબ્સ્ટ્રીકટીવ સ્લીપ એપ્નીયા' કહેવાય છે. આમા શરીરનો મળવાપાત્ર ઓક્સિજનનું પ્રમાણ ઘટે છે અને આથી વ્યક્તિ શાંતિથી ઊંઘી શકતો નથી. આ કારણે દિવસભર સુસ્ત રહે છે, ઝોંકા ખાય છે.*

*આમ જોઇએ તો નસકોરા બોલવાએ ઇરાદાજનક નથી, બહુ સામાન્ય બાબત છે પરંતુ વ્યક્તિના નસકોરાથી બીજાને પડતો અવરોધ અહિં ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. આ કારણે ઘણી વખત સામાજિક સંબંધો પણ પણ અસર થાય છે.*

*આયુર્વેદ પર દૃષ્ટિપાત કરીએ તો નસકોરા બોલવા સાથે સીધો સંબંધ હોય એવો કોઇ વ્યાધિ નજરે ચડતો નથી. પરંતુ કફને કારણે તથા રોગોમાં આ બાબત સમાવાઇ છે. આથી કફ વધારનાર આહાર વિહાર જેવા કે ગળ્યા, ઠંડા અને વધુ પ્રમાણમાં ખોરાક લેવો, બેઠાડું જીવન, દિવસે સુવું, વધુ પ્રમાણમાં નિંદ્રા કરવી, શારીરિક તેમજ માનસિક શ્રમનો અભાવ વગેરે કારણોને વ્યાજબી ગણી શકાય. આમ જોઇએ તો વધુ પડતી ઊંઘ પણ નસકોરાનું સર્જન કરે છે.*

*વૈજ્ઞાનિક રીતે જોઇએ તો નસકોરા બોલાવા માટેના એક કરતા વધુ કારણો જોવા મળે છે. વ્યક્તિ નિંદ્રાધીન હોય ત્યારે જો શ્વાસ લેવામાં અવરોધ ઊભો થાય તો વ્યક્તિનું મોં ખુલી જાય છે. આથી મોં દ્વારા શ્વાસ લેવાથી તાળવાનો સ્નાયુવાળો કોમળ ભાગ ફફડવા લાગે છે. તેનાથી જે અવાજ આવે એ નસકોરા.*

*વળી બીજું એક કારણ એમ પણ છે કે જયારે વ્યક્તિ ચત્તો સુતો હોય ત્યારે ગુરૂત્વાકર્ષણને કારણે જીભ પાછળની બાજુ ધકેલાય છે. આથી કંઠનો અંદરનો ભાગ સંકુચિત થાય છે. આથી, મોં કે નાક દ્વારા શ્વાસમાં લેવાયેલ હવાનો અવરોધ થાય છે અને તે મુખમાં જ અથડાય છે આથી તાળવું ફફડે છે અને નસકોરાનો જન્મ થાય છે.*

*એક કારણ એવું પણ છે કે જેમાં ગળાની અંદરની દિવાલો નબળી હોય તો સ્નાયુ નરમ પડતા દિવાલ સંકોચાય છે. આથી હવાની અવરોધ થતા તાળવું ફફડે છે અને નસકોરા બોલે છે.*

*આ ઉપરાંત નાકના પડદામાં કોઇ માંસાંદુર હોય (નાસાર્શ હોય), કે ગળામાં કાકડા ફૂલી ગયા હોય તો પણ શ્વાસ - અવરોધ થવાથી નસકોરા બોલે છે. આ ઉપરાંત અમુક મુખ્ય રોગોના આસિસ્ટન્ટ તરીકે પણ નસકોરા પોતાની ફરજ બજાવે છે. જેમ કે, ટોન્સીલાઇટીસ, ઊંઘ લાવવા માટેના ઔષધોનું સેવન, મેદસ્વિતા, જૂની શરદી - કફ તથા નાક બંધ થઇ જવું, રક્ત ચાપની અનિયમિતતા આદિ.*

**ઉપાયો :**

*નસકોરા જેવા સામાન્ય લાગતા વ્યાધિ પર વિશ્વભરના અનેક સંશોધકોના સંશોધનો ચાલુ છે. અમુક વૈજ્ઞાનિક ઉપકરણો તેમજ શસ્ત્રક્રિયા વડે આ રોગમાં મહદ્અંશે સફળતા પણ મળી છે. વિદેશોમાંથી નસકોરા માટેના સારવાર કેન્દ્રો પણ ખોલાયા છે.*

*નસકોરાની સૌ પ્રથમ ઉપાય તો તેના મૂળ કારણને દૂર કરવું, નાક, થતા ગળાના ભાગોમાં રચનાગત ખામીને કારણે કે અર્શને કારણે નસકોરા બોલતા હોય તો તેની શસ્ત્રક્રિયા એ જ શ્રેષ્ઠ ઉપાય છે.*

*જેને કાયમી શરદી, નાક બંધ રહેવું, નાકમાંથી પાણી પડવા આદિ ફરિયાદો રહેલી હોય તેઓએ આ અંગે નિયત ચિકિત્સા ઉપક્રમ કરાવવા. (ઉપરોક્ત વ્યાધિઓ અંગેની ચિકિત્સાનું વર્ણન અગાઉના લેખોમાં પ્રગટ થઇ ચૂક્યું છે.)*

*આ ઉપરાંત વૈજ્ઞાનિક સંશોધનો દ્વારા કેટલીક લેટેસ્ટ ચિકિત્સાઓ પણ અસ્તિત્વમાં આવી છે.*

FDA *સંસ્થા દ્વારા એક પ્રમાણિત સારવાર કરાય છે. જેને સીમનીપ્લાસ્ટી કહે છે. આમા એક પ્રકારની ટાંચણી કે સોંયને તાળવા, ગળું કે જીભની માંસમાં ભરાવી. રેડીયો ફ્રિકવન્સી દ્વારા કરન્ટ આપવામાં આવે છે. આથી લગભગ ૧૫૮ થી ૧૮૦ ડિગ્રી જેટલું સોંયનું તાપમાન થઇ જાય છે. આથી અંદરના ભાગની પેશીઓ સંકોચાઇ જાય છે. અને બહારની પેશીઓ મૂળ સ્વરૂપમાં જ રહે છે.*

*આ ઉપરાંત આ પ્રકારની બીજી અનેક ચિકિત્સા પધ્ધતિઓ જેમ કે ફેરેન્જીયો પ્લાસ્ટી, યુ.પી.પી.પી. શસ્ત્રક્રયા, લેઝર દ્વારા શસ્ત્રક્રિયા, સી-પેપ પધ્ધતિ આદિની શોધ થઇ છે. જેમાં વત્તે ઓછે અંશે સફળતા મળી છે.*

*જર્મન નિષ્ણાંતોએ એક ડમ્મીની પધ્ધતિ વિકસાવી છે. આ ખાસ પ્રકારની ડમ્મી ઊંઘતી વખતે મોંમાં રાખવાથી તે વ્યક્તિની જીભ અને દાંતની પાછળ ગોઠવાઇ જાય છે. આથી અવરોધ ન થતાં નસકોરા નથી બોલતાં. ડમ્મી મોઢાં હોય ત્યારે વ્યક્તિનું મોં બંધ રહે છે. દસમાંથી સાત વ્યક્તિઓને આ પ્રયોગ દ્વારા સફળતા મળી છે. શરૂઆતમાં આ ડમ્મીને કારણે વ્યક્તિને થોડું નવું નવું લાગે છે પણ પછી ટેવ પડી જાય છે.*

(અનુસંધાન પાના નં. ૭ પર)